# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.



**૪૪ મો વાર્ષિક અહેવાલ**

**સને : ૨૦૧૦-૨૦૧૧**




| | |
|---|---|
| સભાસદ સંખ્યા | : ૧૧૧૫ |
| કરજદાર સભ્ય સંખ્યા | : ૭૫૩ |
| મંજૂર થયેલ શેર ભંડોળ | : ૪,૦૦,૦૦,૦૦૦/- |
| વસુલ આવેલ શેર ભંડોળ | : ૨,૦૩,૨૨,૯૯૦/- |
| થાપણ | : ૧૬,૭૩,૧૧,૬૫૦/- |
| રીઝર્વ ફંડ | : ૮૧,૫૨,૭૨૨/- |

**: બેન્કર્સ :**

**ધી અમદાવાદ ડી. કો. ઓ. બેન્ક લી.**

પાટનગર શાખા, સેક્ટર-૧૬, ગાંધીનગર.

**૧૬૨/૧, આનંદ વાટિકા, સેક્ટર-૨૨, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૫૭૩૨**

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.



પ્રમુખશ્રી
જયશ્રીબેન ઉ. ભટ્ટ
રાંધેજા વિભાગ

## કર્મયોગી
## કાર્યવાહક મંડળ
## ૨૦૧૦-૨૦૧૧




મંત્રીશ્રી
જયાબેન ભો. મહેતા
અડાલજ વિભાગ



ઉપપ્રમુખશ્રી
અશ્વિનભાઈ મ. પટેલ
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
જીવણભાઈ બ. લેઉવા
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
મેરાજભાઈ દે. રબારી
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
આશિષકુમાર બ. પટેલ
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
વનલીલાબેન ર. પટેલ
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
મહેન્દ્રકુમાર સ. પટેલ
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
સુશીલાબેન હિં. રાઠોડ
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
બળદેવજી મ. રાઠોડ
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
હર્ષદકુમાર ચી. પટેલ
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
રમેશભાઈ ગા. પરમાર
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
શારદાબેન કે. ચૌધરી
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
પૃથ્વીસિંહ બ. પરમાર
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
નરેન્દ્રકુમાર કે. પટેલ
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
મંદાકિનીબેન વિ. ત્રિવેદી
રાંધેજા વિભાગ



આમંત્રિત કારોબારી સભ્યશ્રી
અરૂણાબેન મ. પટેલ
અડાલજ વિભાગ

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## કાર્યવાહક મંડળ ૨૦૧૦-૨૦૧૧

| નં. | નામ | હોદ્દો | શાળા |
|---|---|---|---|
| ૧. | **શ્રી જયશ્રીબેન ઉમિયાશંકર ભટ્ટ** | **પ્રમુખ** | **મ.શિ. રાંધેજા કન્યા પ્રાથમિક શાળા** |
| ૨. | શ્રી અશ્વિનકુમાર મથુરદાસ પટેલ | ઉપ પ્રમુખશ્રી | આચાર્યશ્રી, સોરાબપુરા પ્રાથમિક શાળા |
| ૩. | શ્રી જીવણભાઈ બબાભાઈ લેઉવા | કા. સભ્યશ્રી | મ.શિ. અડાલજ કન્યા શાળા |
| ૪. | શ્રી મેરાજભાઈ દેવજીભાઈ રબારી | કા. સભ્યશ્રી | સી.આર.સી. વલાદ પગાર કેન્દ્ર શાળા |
| ૫. | શ્રી આશિષકુમાર બળદેવભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. રાયસણ પ્રાથમિક શાળા |
| ૬. | શ્રી વનલીલાબેન રમણભાઈ પટેલ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, ઉવારસદ કન્યા શાળા |
| ૭. | શ્રી મહેન્દ્રકુમાર રામાભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ. ચિલોડા પગાર કેન્દ્ર શાળા |
| ૮. | શ્રી સુશીલાબેન હિંમતસિંહ રાઠોડ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, ચામુંડાપુરા પ્રાથમિક શાળા |
| ૯. | શ્રી બળદેવજી મફતજી રાઠોડ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, દોલારાણા વાસણા પ્રાથમિક શાળા |
| ૧૦. | શ્રી હર્ષદકુમાર ચીમનલાલ પટેલ | કા. સભ્યશ્રી | સી.આર.સી., પેથાપુર પગાર કેન્દ્ર |
| ૧૧. | શ્રી રમેશભાઈ ગાભાભાઈ પરમાર | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, ચાંદખેડા પગાર કેન્દ્ર શાળા |
| ૧૨. | શ્રી શારદાબેન કેશવલાલ ચૌધરી | કા. સભ્યશ્રી | મ.શિ. રૂપાલ કન્યા શાળા |
| ૧૩. | શ્રી પૃથ્વીસિંહ બળદેવસિંહ પરમાર | કા. સભ્યશ્રી | મ.શિ. વાંકાનેરડા પ્રાથમિક શાળા |
| ૧૪. | શ્રી નરેન્દ્રકુમાર કેશવલાલ પટેલ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, જૂના પીંપળજ પ્રાથમિક શાળા |
| ૧૫. | શ્રી મંદાકિનીબેન વિષ્ણુપ્રસાદ ત્રિવેદી | કા. સભ્યશ્રી | મ.શિ., પુન્દ્રાસણ પ્રાથમિક શાળા |
| ૧૬. | શ્રી અરૂણાબેન મનોરભાઈ પટેલ | આમંત્રિત કા.સભ્યશ્રી | મ.શિ., રાણજીપુરા પ્રાથમિક શાળા |

## મંત્રીશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧. | જયાબેન ભોગીલાલ મહેતા | મંત્રીશ્રી | ઉ. શિ. વિસતમાતા પ્રાથમિક શાળા |

## આંતરિક ઓડીટરશ્રીઓ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી જેઠાભાઈ નાથાભાઈ પટેલ | આચાર્યશ્રી, છાલા પગાર કેન્દ્ર શાળા |
| ૨. | શ્રી રામાભાઈ લાલાભાઈ પટેલ | ઉ.શિ. સરગાસણ પ્રાથમિક શાળા |
| ૩. | શ્રી રામપ્રસાદ અગ્રાવત | આચાર્યશ્રી, સરઢવ કન્યા શાળા |

## કર્મચારીગણ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી નટવરલાલ મંગળદાસ કાપડિયા | કાર્યાલય મંત્રીશ્રી | ડભોડા વિભાગ |
| ૨. | શ્રી બેચરભાઈ મગનભાઈ પટેલ | કાર્યાલય મંત્રીશ્રી | અડાલજ વિભાગ |
| ૩. | શ્રી જયંતિલાલ પુરૂષોતમદાસ બ્રહ્મભટ્ટ | કાર્યાલય મંત્રીશ્રી | રાંધેજા વિભાગ |
| ૪. | શ્રી જીતેન્દ્રકુમાર જીવણભાઈ દેસાઈ | કોમ્પ્યુટર ઓપરેટર | |
| ૫. | શ્રી પ્રમોદભાઈ મફતલાલ શુકલ | પટાવાળા | |

ભેગા થવું એ શરૂઆત છે. ભેગા રહેવું એ પ્રગતિ છે, પરંતુ ભેગા મળી કામ કરવું તે સફળતા છે.

# આમંત્રણ

## વાર્ષિક સાધારણ સભા

**સન્માનનીય સભાસદ ભાઈઓ-બહેનો,**

જયભારત સહ જણાવવાનું કે, શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.ની સને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષની સાધારણ સભા તા.૨૬-૦૬-૨૦૧૧ને રવિવારના રોજ બપોરના ૨-૦૦ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગરમાં મળશે. જેમાં તમામ સભાસદ ભાઈ-બહેનોને હાજરી આપવા હાર્દિક નિમંત્રણ છે.

## એજન્ડા

૧. ગત સભાનો અહેવાલ મંજૂર કરવા બાબત.
૨. સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં વ્યવસ્થાપક મંડળે કરેલ ઠરાવોને બહાલી આપવા બાબત.
૩. સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષનું સરવૈયું મંજૂર કરવા બાબત.
૪. ખાસ સાધારણ સભામાં બાંધકામ અંગેના ઠરાવની બહાલી આપવા બાબત.
૫. કાર્યવાહક મંડળે કરેલ નફાની વહેંચણીને બહાલી આપવા બાબત.
૬. કાર્યવાહક મંડળીની સને ૨૦૧૧-૧૪ ના વર્ષના કાર્યવાહક મંડળને બહાલી આપવા બાબત.
૭. કાર્યવાહક મંડળમાંથી ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષ માટે ચૂંટાયેલા પ્રમુખશ્રીને બહાલી આપવા બાબત.
૮. કાર્યવાહક મંડળે કરેલ મંત્રીશ્રીની નિયુક્તિને બહાલી આપવા બાબત.
૯. માનદ્ ઓડીટરશ્રીઓની નિમણૂંક કરવા બાબત.
૧૦. તા.૧-૪-૨૦૧૦ થી ૩૧-૩-૨૦૧૧ સુધીમાં નિવૃત્ત થયેલ મંડળીના સભાસદ ભાઈ-બહેનોનું સન્માન કરવા બાબત તથા મંડળીના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીશ્રીનું સન્માન કરવા બાબત.
૧૧. તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તથા એવોર્ડ મેળવનાર શિક્ષકોનું સન્માન કરવા બાબત.
૧૨. પ્રમુખ સ્થાનેથી રજૂ થાય તે

**જયશ્રીબેન ઉમિયાશંકર ભટ્ટ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**જયાબેન ભોગીલાલ મહેતા**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

---

તા.ક. (૧) સભા મળવાના સમયથી એક કલાક સુધીમાં કોરમ થયું નહીં હોય તો એક કલાક બાદ તે જ સ્થળે સભાનું કામકાજ એજન્ડા પ્રમાણે કરવામાં આવશે. જે કાયદેસર ગણાશે.

(૨) મંડળીના પ્રશ્નો બાબતે જે માહિતી જોઈતી હોય તે બાબતે મીટીંગના પાંચ દિવસ અગાઉ મંડળીના કાર્યાલયથી મેળવી લેવી તેમજ પ્રશ્નો-સૂચનો પાંચ દિવસ અગાઉ લેખિતમાં રજૂ કરવા.

## પ્રમુખશ્રીનું નિવેદન



જયશ્રીબેન ઉમિયાશંકર ભટ્ટ
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

આદરણીય સભાસદ શિક્ષક ભાઈઓ / બહેનો,

સૌને સ્નેહભર્યા નમસ્કાર

આપણી મંડળીની ચુંમાળીસ (૪૪)મી વાર્ષિક સાધારણ સભામાં આપ સૌનુ હાર્દિક સ્વાગત કરતાં આનંદની લાગણી અનુભવું છું.

આપણી મંડળી સને ૨૦૧૦-૧૧ નું હિસાબી વર્ષ પૂરું કરી પિસત્તાલીસ (૪૫)માં વર્ષમાં વિકાસની કેડી પર આપ સૌના સાથ સહકારથી આગેકૂચ કરી રહેલ છે. વ્યવસ્થાપક મંડળે ભલામણ કરેલ વર્ષ ૨૦૧૦-૧૧નો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં હું આનંદની લાગણી અનુભવું છું.

મને આશા છે કે આ અહેવાલના અભ્યાસ દ્વારા આપ સૌને જણાશે કે વહીવટમાં સુગમતા અને ચોક્કસ દિશા આપીને મંડળીની પ્રગતિમાં હરણ ફાળ ભરીને વિકાસના પંથે આગેકૂચની દિશામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેના પરિણામ સ્વરૂપે આપણી મંડળીનો પારદર્શક વહીવટ અને આ વર્ષનો નફો આપની સામે છે.

સંપ - સેવા - સહકાર - સંગઠનની ભાવનાના પાયા પર રચાયેલી આપણી મંડળીને પ્રગતિ તરફ લઈ જનાર એ પૂર્વ આદ્ય સંસ્થાપકોને યાદ કરતા થાપણદારો અને સભાસદ ભાઈ-બહેનોને ખૂબ ખૂબ સન્માન સાથે અહીં આવકારું છું.

૧. **સભાસદ સંખ્યા :** ગત વર્ષ આખરે સભાસદ સંખ્યા ૧૦૯૯ હતી. વર્ષ દરમ્યાન ૬૧ સભાસદો નવા દાખલ થયેલ છે તેમજ વયનિવૃત્તિ, તાલુકા / જિલ્લા / શહેર વિસ્તાર ફેરબદલી, સ્વૈ.નિવૃત્તિ તથા રાજીનામાના કારણે ૪૫ સભાસદોના રાજીનામા મંજૂર થતાં વર્ષ આખરે ૧૧૧૫ સભાસદો બાકી રહે છે.

૨. **શેરભંડોળ :** ગત વર્ષ આખરે શેરભંડોળ રૂા.૧,૮૮,૩૪,૨૫૦/- હતું. ચાલુ વર્ષના અંતે રૂા.૧૪,૮૮,૭૪૦/- નો શેરભંડોળમાં વધારો થતાં વર્ષ આખરે રૂા.૨,૦૩,૨૨,૯૯૦/- શેરભંડોળ થયેલ છે.

૩. **કરજ :** ગયા વર્ષ આખરે કરજ રૂા.૧૮,૬૦,૩૯,૬૦૦/- બાકી હતું. જેમાં વર્ષ દરમ્યાન રૂા.૧૯,૯૫,૯૬,૫૦૦/- કરજ વસૂલાત આવેલ છે. તેમજ રૂા.૨૩,૨૫,૩૩,૦૦૦/- કરજ ધીરાણ કરતાં વર્ષ આખરે રૂા.૨૧,૮૯,૭૬,૧૦૦/- કરજ બાકી રહે છે. તા. ૧-૪-૨૦૧૦ થી કરજ લોન પર વ્યાજ દર ૯.૬૦% કરેલ છે.

૪. **નફો :** ચાલુ વર્ષના સમયગાળા દરમિયાન વહીવટી ખર્ચમાં કરકસર કરેલ છે. ફરજીયાત બચત પર વ્યાજ, વ્યાજ વળતર વગેરેની જોગવાઈ કર્યા બાદ મંડળીએ રૂા.૨૦,૧૩,૪૮૯/-નો નફો કરેલ છે.

૫. **નફાની વહેંચણી :** ચાલુ વર્ષે મંડળીએ આપણા સભાસદોને ફરજીયાત બચત પર ૧૧% વ્યાજ, શેર ડિવિડન્ડ ૭% તેમજ વ્યાજ વળતર ૩% ચૂકવવાનું કાર્યવાહક મંડળે ભલામણ કરેલ છે.

૬. **કરજ લેનાર સભ્યો :** આપણી મંડળીના કુલ ૧૧૧૫ સભાસદો છે. જે પૈકી કરજ લેનાર સભાસદોની સંખ્યા ૫૭૮ છે. કરજ નહીં લેનાર સભાસદોની સંખ્યા ૫૩૭ છે.

૭. **સભાસદ થાપણ :** ગત વર્ષના અંતે આપણી મંડળીમાં રૂા.૧૫,૫૯,૪૨,૪૫૦/- થાપણ જમા હતી. જેમાં ચાલુ વર્ષે નવી થાપણ રૂા. ૧,૧૩,૬૯,૨૦૦ નો વધારો થતાં વર્ષ આખરે રૂા.૧૬,૭૩,૧૧,૬૫૦/- થાપણ જમા થયેલ છે.

૮. **કાર્યવાહક કમિટી :** ચાલુ વર્ષ દરમિયાન કાર્યવાહક મંડળની કુલ ૧૫ બેઠક મળી. જેમાં ૭૫૩ કરજ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

૯. **નિવૃત્તિ/ડેથ બેનીફીટ યોજના :** વર્ષ દરમિયાન ૨૧ સભાસદો નિવૃત્ત થતાં રૂા.૨,૩૧,૦૦૦/- નો નિવૃત્તિ ફાળો તેમજ રૂા.૨,૭૦,૦૦૦/- ડેથ ફાળો ચૂકવી આપેલ છે.

૧૦. **દફતર તપાસણી :** તા.૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૧-૨૦૧૦ સુધીનું ઓડિટ માનદ્ ઓડિટરશ્રીઓએ ઓડિટ કરેલ છે. તેમજ અમદાવાદ ડિ.કો.ઓ.બેંક, પાટનગર શાખા, સેકટર-૧૬ના મા.બેંક ઈન્સ્પેકટર સાહેબ તરફથી ઓડિટ કરવામાં આવેલ છે.

**નર્મદા નિધિ :** સરદાર સરોવર શ્રી નિધિ ખાતે રૂા.૧,૦૦,૦૦,૦૦૦/- (એક કરોડ) થાપણ નર્મદા નિધિમાં જમા છે.

૧૨. **ફરજીયાત બચત :** ફરજીયાત બચત યોજનામાં ગત વર્ષે રૂા.૨,૦૭,૩૧,૯૦૦/- જમા હતા જેમાં ચાલુ વર્ષમાં રૂા.૪૭,૧૦,૭૦૦/-નો વધારો થતાં વર્ષ આખરે રૂા.૨,૬૨,૬૦,૮૦૦/- ફરજીયાત બચત ખાતે જમા થયેલ છે.

૧૩. **પ્રોત્સાહિત ઈનામ :** ચાલુ વર્ષમાં ગાંધીનગર તાલુકા પ્રાથમિક શાળા રમતોત્સવમાં ગાંધીનગર તાલુકાની સરકારી પ્રાથમિક શાળામાં બાળકોને ઈનામ પેટે રૂા. ૩,૦૦૦/- આપી પ્રોત્સાહન પૂરું પાડેલ છે.

વર્ષ દરમિયાન સંસ્થાના કામકાજમાં જાગૃત રહીને મંડળીને પ્રગતિના પંથે લઈ જવામાં સાથ સહકાર અને પ્રેરણા આપવા બદલ વ્યવસ્થાપક મંડળના સર્વે સભ્યશ્રીઓ તથા ઓડિટરશ્રીઓ તથા ઉત્સાહી, અભ્યાસુ અને ખંતીલા મંત્રીશ્રી, જયાબેન ભોગીલાલ મહેતાનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

પ્રમુખ તરીકેની સેવાનો લાભ અપાવનાર મને સાથ સહકાર આપી મારા કાર્યમાં ઉત્સાહ વધારનાર મારા વડીલશ્રીઓ તથા સભાસદ ભાઈ-બહેનોની હું ખૂબ જ ઋણી છું. ગુ.રા.પ્રા.શિ. સંઘના મહામંત્રીશ્રી બળદેવભાઈ ચૌધરી, ગાં.જિ.પ્રા.શિ. સંઘના પ્રમુખશ્રી વિક્રમસિંહ ચાવડા તથા ગાં.જિ.પ્રા.શિ. સંઘના ખજાનચીશ્રી મીઠાભાઈ પટેલ તથા ગાં.તા.પ્રા.શિ.સંઘના પ્રમુખશ્રી અને અમારા કારોબારી સભ્યશ્રી જીવણભાઈ લેઉવા, મંત્રીશ્રી જીગરભાઈ પટેલ, મારા પગાર કેન્દ્રના પૂર્વ આચાર્યશ્રીઓ નર્મદાબેન ઝાલા અને ઈલાબેન પંડ્યા, અમારા પગાર કેન્દ્રના આચાર્યશ્રી ચંપાબેન પટેલ, અમારા આચાર્યશ્રી કોકીલાબેન પ્રજાપતિ, ટીંટોડા પગાર કેન્દ્રના આચાર્યશ્રી વાસુદેવભાઈ નાયક, પેથાપુર પગાર કેન્દ્રના આચાર્યશ્રી અમૃતભાઈ દવે, સરઢવ પગાર કેન્દ્રના આચાર્યશ્રી વેરાભાઈ પટેલ તથા મારી શાળાના મારા સ્ટાફ મિત્રો તેમજ તમામ સભાસદ ભાઈ-બહેનોનો આ તબક્કે આભાર વ્યક્ત કરું છું.

મંડળીના રીનોવેશનની કામગીરીમાં ખૂબ જ ખંત અને ઉત્સાહપૂર્વક સાથ અને સહકાર આપવા બદલ અમારા યુવાન ઉત્સાહી ઉપપ્રમુખશ્રી અશ્વિનભાઈ પટેલ તથા કારોબારી સભ્યશ્રી હર્ષદકુમાર પટેલ, આશિષકુમાર પટેલ, નરેન્દ્રભાઈ પટેલનો આભાર કેમ ભૂલાય ? આ ઉપરાંત કોમ્પ્યુટર ઓપરેટરશ્રી જીતેન્દ્રભાઈ દેસાઈએ ખૂબ જ ખંતથી રીનોવેશનના કાર્યમાં દેખરેખ રાખીને સહકાર આપ્યો છે તે બદલ ખૂબ ખૂબ આભાર. વર્ષ દરમિયાન સાથે રહી દરેક કાર્યમાં સહભાગી બની મારા કાર્યને આગળ વધારવા બદલ મારા તમામ કારોબારી સભ્યશ્રીઓ અને કાર્યાલય મંત્રીશ્રીઓનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. બાંધકામ સમિતિ તથા તમામ કારોબારી સભ્યનો રીનોવેશનની કામગીરીમાં સહકાર આપવા બદલ હું ખૂબ ઋણી છું.

ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો.ઓ. બેંક લી., સેકટર-૧૬, શાખાના મેનેજરશ્રી તથા સર્વે સ્ટાફનો આભાર વ્યક્ત કરું છુ.

પ્રતિમાસ કરજ હપ્તાના ચેક નિયમિત આપવા બદલ માનનીય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા કેળવણી નિરીક્ષકશ્રી, બી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રી, કેળવણી નિરીક્ષકશ્રીઓ તથા શિક્ષણ શાખાના સર્વે સ્ટાફ મિત્રોનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય જિલ્લા રજિસ્ટાર સાહેબે મંડળી પ્રત્યે દર્શાવેલ સહાનુભૂતિ અને સહકાર બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું. મંડળીના વહીવટ અને પ્રગતિમાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે મને સાથ-સહકાર અને માર્ગદર્શન આપનાર નામી-અનામી સૌ કોઈનો આ તબક્કે આભાર વ્યક્ત કરું છું.

અંતમાં આપણી મંડળીનો મૂર્તિમંત્ર "સેવા સહકાર સદ્‌ભાવના...." સાથે પરસ્પર વિશ્વાસનો કોલ દઈ મને આપ સૌએ સેવા કરવાની તક આપી તે બદલ આપ સૌનો આભાર માની વિરમું છું.

"માફી માંગવી એનો અર્થ એ નથી કે તમે ખોટા છો અને સામેવાળા સાચા છે. પણ તેનો અર્થ એ છે કે તમે સંબંધની કિંમત તમારા અહમ કરતા વધુ સમજો છો.."

यत्र नारीयस्तु पूजयते ।
तत्र रमन्ते देवताः ॥

**જયશ્રીબેન ઉમિયાશંકર ભટ્ટ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

"જય જય શિક્ષક જગત, જય જય ગરવી ગુજરાત,
જય જય સ્વર્ણિમ ગુજરાત"

જિંદગી એવી ના જીવો કે લોકો "ફરિયાદ" કરે પણ એવી જીવો કે લોકો ફરી "યાદ" કરે,
તેના માટે "ગમે તેવું" ના બોલો પણ તેને "ગમે" તેવું બોલો.

## મંત્રીશ્રીનું નિવેદન

**સ્નેહી સભાસદ ભાઈ-બહેનો**

સસ્મિત નમસ્કાર



**જયાબેન ભોગીલાલ મહેતા**
**મંત્રીશ્રી**
ગાં.તા.પ્રા.શિ.શ.સ.મં.લી.,
ગાંધીનગર.

આપ સૌના સહિયારા પુરૂષાર્થ અને સહકારથી આપણી શરાફી મંડળી એક વટવૃક્ષની જેમ ફૂલીફાલી રહી છે. જેના મીઠાફળ આજે આપણે ચાખી રહ્યા છીએ. તેવા સમયે આપ સૌની સમક્ષ ગાં.તા.પ્રા.શિ.શ.સ.મંડળીની ૪૪મી વાર્ષિક સાધારણ સભામાં ૨૦૧૦-૧૧ ના વર્ષનો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં હું ભાવવિભોર બની અત્યંત હર્ષ સાથે અવિરત વિકાસ યાત્રાની લાગણી અનુભવી રહી છું.

પ્રમુખશ્રીના નિવેદનમાં આપણી મંડળીનો પ્રગતિકારક અહેવાલ રજૂ કરેલ છે. ચાલુ વર્ષે મંડળીના મંત્રી તરીકેની મારી નિયુક્તિ કરી મને પ્રથમ મહિલા મંત્રી તરીકે કામ કરવાની તક આપવામાં આવી તે બદલ હું વ્યવસ્થાપક કમીટી તથા આપ સૌ સભાસદોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

સને ૨૦૧૦-૧૧ ના વર્ષનો અહેવાલ આપની સમક્ષ રજૂ કરેલ છે. અહેવાલના અભ્યાસ દ્વારા જણાશે કે મંડળીના વહીવટમાં ચોક્કસ દિશા આપીને મંડળીની પ્રગતિમાં હરણફાળ ભરી વિકાસના પંથે આગેકૂચ કરેલ છે. જે આપ સૌને અહેવાલના અભ્યાસ દ્વારા ખાતરી થશે. મંડળીની થાપણો રૂા. ૧૬,૭૩,૧૧,૬૫૦/- થઈ છે તે આપ સૌની શ્રધ્ધા અને વિશ્વાસના દર્શન કરાવે છે.

ફરજીયાત બચત વ્યાજ, વ્યાજવળતર, નિવૃત્તિ ફાળો, ડેથફાળો અને સભાસદ વિદ્યાર્થી પ્રોત્સાહન ફંડની કાચા નફામાંથી જોગવાઈ કર્યા બાદ ચોખ્ખો નફો રૂા. ૨૦,૧૩,૪૮૯/- નોંધાયેલ છે. ચાલુ વર્ષે વ્યવસ્થાપક કમિટિએ ફરજીયાત બચત પર ૧૧% વ્યાજ, કરજ વ્યાજ વળતર ૩% તેમજ શેર ડિવિડન્ડ ૭% ની ભલામણ કરેલ હોઈ દરેક સભાસદને સંતોષ આપવાનો પ્રયત્ન કરેલ છે.

મને મંત્રીપદે કામ કરવાની પ્રેરણા આપનાર ચાંદખેડા વિસ્તારના મારા વડીલ પિતાતુલ્ય એવા મંડળના આદ્યસ્થાપકો અને હિતચિંતકો શ્રી કાલીદાસભાઈ પટેલ તથા મારા ગુરુજી સમાન શ્રી લાલભાઈ પટેલ અને કોબા પગાર કેન્દ્રના આચાર્યશ્રી રમીલાબેન પટેલ તથા કોલવડા પગાર કેન્દ્રના આચાર્યશ્રી હસમુખભાઈ પટેલની હું ઋણી છું. મારી વિસતમાતા પ્રા.શાળાના આચાર્યશ્રી કૈલાસબેન નાડીયા, મારો શિક્ષક સ્ટાફ, ચાંદખેડા પગાર કેન્દ્રના આચાર્યશ્રી રમેશભાઈ પરમાર તથા ચાંદખેડા પગાર કેન્દ્રના તમામ શિક્ષક પરિવાર મિત્રો અને અડાલજ વિભાગના તમામ શિક્ષક સભાસદ મિત્રોની મને હૂંફ મળી છે તે બદલ હું તેમની આભારી છું.

મંડળીની પ્રગતિમાં તેમજ વહીવટમાં સાથ સહકાર અને પ્રેરણા આપનાર મંડળીના પ્રમુખશ્રી જયશ્રીબેન ભટ્ટની મને હરપળે ઓથ મળી છે. તથા ઉત્સાહી યુવાન કુનેહબાજ ઉપપ્રમુખશ્રી અશ્વિનભાઈ પટેલ તથા પ્રેમાળ કારોબારી સભ્યશ્રીઓ, પગાર કેન્દ્રના આચાર્યશ્રીઓ, ગુ.રા.પ્રા.શિ.સંઘના મહામંત્રીશ્રી, જિ.પ્રા.શિ. સંઘના પ્રમુખશ્રી, જિ.પ્રા.શિ.સંઘના ખજાનચીશ્રી, તથા તા.પ્રા.શિ.સંઘના પ્રમુખશ્રી જીવણભાઈ લેઉવા, મંત્રીશ્રી જીગરભાઈ પટેલ, નવા વરાયેલા પ્રમુખશ્રી વાસુદેવભાઈ રાવલ, મંત્રીશ્રી મહેન્દ્રભાઈ પટેલ, નિવૃત્ત હોદેદારશ્રીઓ, બી.આર.સી., ચાંદખેડાના સી.આર.સી. હસુમતીબેન તથા ટીંટોડા પગાર કેન્દ્રના આચાર્ય મારા ભાઈઓશ્રી વાસુદેવભાઈ આર. નાયક, અને પેથાપુર પગાર કેન્દ્રના આચાર્યશ્રી અમૃતભાઈ દવે, તેમજ તાલુકા વિકાસ અધિકારી સાહેબશ્રીનો અને તા.પં.શિક્ષણ શાખાના સ્ટાફનો હું ખૂબ જ ઋણી છું.

મંડળીના નાણાંકીય લેવડ-દેવડમાં માર્ગદર્શકશ્રી અ.ડિ.કો.બેંક, સેકટર-૧૬, ગાંધીનગર શાખાના મેનેજરશ્રી, બેંક ઈન્સ્પેકટરશ્રી તથા બેંકના તમામ કર્મચારીગણનો હું આભાર વ્યક્ત કરૂ છું.

મંડળીના દૈનિક વહીવટમાં સદાનિયમિત, પ્રામાણિક, કાર્યકુશળ કાર્યાલય મંત્રીશ્રીઓનો અને માનદ ઓડિટરશ્રીઓનો આભાર વ્યક્ત કરૂ છું.

માન. રજિસ્ટાર સાહેબ (રૂરલ) અમદાવાદ કચેરીનો સ્ટાફ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર જિ.પં. ગાંધીનગર તથા જિલ્લા સ. સંઘના પ્રમુખશ્રીનો પણ સાથ સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કરૂ છું.

અંતમાં મારા વહીવટકાળ દરમિયાન પૂરી નિષ્ઠાથી મંડળીના વિકાસ અને સભાસદોના હિતને ધ્યાનમાં રાખીને વહીવટને ગતિશીલ અને પારદર્શક બનાવવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. આપણી મંડળી હજુ પણ વધુ પ્રગતિના શિખરો સર કરે અને સભાસદ ભાઈ-બહેનોની કામધેનુ બની રહે એ જ અભ્યર્થના સાથે વિરમું છું.

"નારી તું નારાયણી"
જય હિન્દ........... જય સહકાર

**જયાબેન ભોગીલાલ મહેતા**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## તા. ૩૧-૩-૨૦૧૧ ના રોજનો આપનો હિસાબ

| ખાતા નંબર | બાકી કરજ | ફરજીયાત બચત | જમા શેરની રકમ | થાપણ | શેરો |
|---|---|---|---|---|---|
| | | | | | |

નોંધ : આપના હિસાબમાં ભૂલચૂક હોય તો દિન-૧૦ માં ખાતા નંબર સાથે વિગતવાર મંત્રીશ્રીને જાણ કરવી. નહીંતર આપનો હિસાબ બરાબર છે તેમ માનવામાં આવશે.

## સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષના નફાની વહેંચણીનું ભલામણ પત્રક

| વિગત | જમા રૂપિયા | વિગત | ઉધાર રૂપિયા |
|---|---|---|---|
| ચોખ્ખો નફો | ૨૦,૧૩,૪૮૯/- | રીઝર્વ ફંડ ૨૫% | ૫,૦૩,૩૭૨/- |
| | | શેર ડિવિડન્ડ ૭% | ૧૪,૨૨,૬૦૯/- |
| | | શિક્ષણ ફાળો ૧.૫% | ૩૦,૨૦૨/- |
| | | કર્મચારી બોનસ | ૨૦,૮૦૦/- |
| | | સહકાર પ્રચાર | ૩,૦૦૦/- |
| | | ધર્માદા ફંડ | ૧૦,૦૦૦/- |
| | | ઘસારા ફંડ : | ૫,૦૦૦/- |
| | | મકાન ફંડ | ૧૫,૦૦૦/- |
| | | ડી.વી.ઈક્વી ફંડ | ૩,૫૦૬/- |
| | ૨૦,૧૩,૪૮૯/- | કુલ.... | ૨૦,૧૩,૪૮૯/- |

## વહીવટી ખર્ચ

| | |
|---|---|
| શ્રી પગાર ખાતે | ૨,૩૬,૮૫૦/- |
| શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૭,૬૦૦/- |
| શ્રી ભાડા ભથ્થા ખાતે | ૩૪,૫૮૦/- |
| શ્રી સરભરા ખર્ચ ખાતે | ૪૪,૬૩૮/- |
| શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૫૭,૩૪૮/- |
| શ્રી પરચૂરણ ખર્ચ ખાતે | ૨૩,૮૭૬/- |
| શ્રી પેટ્રોલ ખર્ચ ખાતે | ૩૦,૦૦૦/- |
| શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૧,૩૮,૩૪૨/- |
| કુલ.... | ૬,૨૩,૨૩૪/- |

## તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૧ સુધીની જનરલ તારીજ

| જમા રૂપિયા | ખાતાનું નામ | ઉધાર રૂપિયા |
|---|---|---|
| ૨૨,૧૭,૧૯,૭૪૭ | શ્રી અમ.ડી.બેન્ક કે.કે. ખાતે | ૨૧,૬૨,૮૪,૪૫૦ |
| ૧૯,૯૫,૯૬,૫૦૦ | શ્રી કરજ ખાતે | ૨૩,૨૫,૩૩,૦૦૦ |
| ૧૮,૦૬,૧૦,૨૦૦ | શ્રી થાપણ ખાતે | ૧૬,૯૨,૪૧,૦૦૦ |
| ૧,૯૭,૪૦,૪૯૫ | શ્રી કરજ વ્યાજ ખાતે | ૩૮,૬૯,૦૯૭ |
| — | શ્રી થાપણ વ્યાજ ખાતે | ૧,૩૯,૨૮,૪૩૪ |
| ૭,૨૦,૦૦૦ | શ્રી સરદાર સરોવર શ્રી નિધિ વ્યાજ ખાતે | — |
| — | શ્રી કેશક્રેડીટ વ્યાજ ખાતે | ૨,૨૨,૫૨૨ |
| ૨૨,૫૬,૭૨૦ | શ્રી શેરભંડોળ ખાતે | ૭,૬૭,૯૮૦ |
| ૨૨,૭૧,૭૨૦ | શ્રી શેરફાળા ખાતે | ૨૨,૭૧,૭૨૦ |
| — | શ્રી કર્મચારી વેતન ખાતે | ૨,૩૬,૮૫૦ |
| ૧૫,૬૦૦ | શ્રી કર્મચારી બોનસ ખાતે | ૧૫,૬૦૦ |
| — | શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૭,૬૦૦ |
| — | શ્રી ભાડા ભથ્થા ખાતે | ૩૪,૫૮૦ |
| — | શ્રી પરચૂરણ ખર્ચ ખાતે | ૨૩,૮૭૬ |
| — | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૫૭,૩૪૮ |
| — | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૧૮૫ |
| — | શ્રી પેટ્રોલ એલાઉન્સ ખાતે | ૩૦,૦૦૦ |
| ૨,૫૦,૦૦૦ | શ્રી ડેથ બેનીફીટ યોજના ખાતે | ૨,૭૦,૦૦૦ |
| ૮૬,૫૦૦ | શ્રી નિવૃત્તિ યોજના ખાતે | ૧,૩૨,૦૦૦ |
| ૩,૦૪૭ | શ્રી ડિવિડન્ડ ઈકવી. ફંડ ખાતે | — |
| ૧૫,૦૬,૭૪૦ | શ્રી શેર ડિવિડન્ડ ખાતે | ૧૫,૨૬,૮૭૭ |
| — | શ્રી સરભરા ખર્ચ ખાતે | ૪૪,૬૩૮ |
| ૬,૦૫,૭૧૫ | શ્રી વ્યાજ વળતર ખાતે | ૮,૦૧,૫૭૬ |
| ૩૧,૯૪૭ | શ્રી શિક્ષણ નિધિ ખાતે | ૩૧,૯૪૭ |
| ૧૫,૦૦૦ | શ્રી ઘસારા ખંડ ખાતે | — |
| ૧૦,૦૦૦ | શ્રી ધર્માદા ફંડ ખાતે | — |
| — | શ્રી બિલ્ડીંગ ફંડ ખાતે | ૨,૨૪,૮૮૨ |
| ૫,૬૮,૮૫૮ | શ્રી રીઝર્વ ફંડ ખાતે | — |
| — | *શ્રી ડેડસ્ટોક ખાતે* | *૫,૭૦૦* |
| — | શ્રી લવાજમ ખાતે | ૧,૦૨૦ |
| — | શ્રી ઓડીટ ફી ખાતે | ૩,૦૦૦ |
| — | શ્રી પેકેજ પોલિસી ખાતે | ૧,૩૬,૧૪૩ |

પાછળ ચાલુ...

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૧ સુધીની જનરલ તારીજ

| જમા રૂપિયા | ખાતાનું નામ | ઉધાર રૂપિયા |
|---|---|---|
| ૧,૧૯,૪૦૦ | શ્રી સ્ટેમ્પ ખાતે | ૧,૨૦,૦૦૦ |
| ૫,૦૨૫ | શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૧,૩૮,૩૪૨ |
| ૬,૧૦૦ | શ્રી સભાસદ ફી ખાતે | ૬,૧૦૦ |
| ૫,૩૦૦ | શ્રી ડેથ સભાસદ ફી ખાતે | ૫,૩૦૦ |
| ૪,૬૦૦ | શ્રી નોમીનલ સભાસદ ફી ખાતે | ૪,૬૦૦ |
| — | શ્રી સભાસદ બોન્ડ ખાતે | — |
| — | શ્રી સરદાર સરોવર શ્રીનિધિ થાપણ વ્યાજ ખાતે | — |
| ૨,૦૯૧ | શ્રી શેર ડુપ્લીકેટ ફી ખાતે | — |
| — | શ્રી ટેલીફોન બીલ ખાતે | ૪,૦૬૨ |
| — | શ્રી વીજળી બીલ ખાતે | ૬,૪૫૧ |
| — | મકાન ફંડ ખાતે | ૯૬,૫૭૯ |
| — | શ્રી નફા તોટા ખાતે | ૨૧,૨૯,૭૭૮ |
| ૬૫,૭૨,૫૦૦ | શ્રી ફરજીયાત બચત ખાતે | ૧૦,૪૩,૬૦૦ |
| ૧,૦૦૦ | શ્રી ચૂંટણી ફંડ ખાતે | — |
| — | શ્રી અમ.ડી. બેંક વહીવટી ખર્ચ ખાતે | ૪૧ |
| ૭૦,૪૭,૪૯૩ | શ્રી અમ. ડી. બેંક ચાલુ ખાતે | |
| ૧,૦૦,૦૦,૦૦૦ | શ્રી અમ. ડી. બેંક નોમીનલ સભા ફી ખાતે | ૧,૦૦,૦૩,૯૬૦ |
| — | શ્રી અમ. ડી. બેંક સેંવિગ ખાતે | ૪૨૫ |
| ૨૪,૧૮૦ | શ્રી અમ. ડી. બેંક વ્યાજ ખાતે | — |
| ૨૦,૦૦,૦૦૦ | શ્રી અમ. ડી. બેંક ડીપોઝીટ ખાતે | — |
| ૧૫,૦૦૦ | શ્રી સહકાર પ્રચાર ફંડ | — |
| — | શ્રી ચેકબુક ખાતે | ૪,૭૫૦ |
| ૩૦,૦૦૦ | શ્રી વિ.પ્રો. ફંડ ખાતે | ૨૪,૧૫૦ |
| ૩,૨૧,૦૬૨ | શ્રી અમ. ડી. બેંક ફિક્સ ડીપો. ખાતે | — |
| ૨૮,૮૮,૬૮૮ | શ્રી ફરજીયાત બચત વ્યાજ ખાતે | ૨૬,૮૮,૪૨૬ |
| ૨૯,૫૧૨ | શ્રી સિલક ખાતે | ૫૨,૧૫૧ |
| ૬૫,૯૦,૮૦,૭૪૦ | કુલ | ૬૫,૯૦,૮૦,૭૪૦ |

**જયશ્રીબેન ઉમિયાશંકર ભટ્ટ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**જયાબેન ભોગીલાલ મહેતા**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી / મંત્રીશ્રી,
ગાંધીનગર તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## માનદ્ ઓડીટરશ્રીઓનો શેરો

શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળી લી.ના તા.૧/૪/૨૦૧૦ થી ૩૧/૩/૨૦૧૧ સુધીના તમામ હિસાબોનું ઓડીટ કરવામાં આવેલ છે. ઓડીટમાં તમામ જમા ઉધાર વાઉચરો, થાપણો, રોજમેળ, રોકડ જમા પાવતી બુકો, જનરલ ખાતાવહી, થાપણ ખાતાવાહી, થાપણ રસીદો, ચેકબુકો, પાસબુકો તથા બેંકનાં સ્ટેટમેન્ટ તથા અન્ય સંસ્થાઓમાં કરેલ રોકાણની યાદીની ચકાસણી કરવામાં આવેલ છે.

વહીવટી સૂચનાઓનું સ્પષ્ટીકરણ મંત્રીશ્રી તથા સહમંત્રી સાથે કરવામાં આવી અને તેમાં જરૂરી સુધારા વધારા તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું. મંડળીનો વહીવટ ખૂબ જ કરકસર અને કુનેહપૂર્વક કરવામાં આવેલ જણાયો.

મંડળીનો વહીવટ સ્વચ્છ, સુંદર અને પારદર્શક ચાલે છે. તેમજ પ્રમુખશ્રી, મંત્રીશ્રી, સહ કાર્યાલય મંત્રીશ્રીઓ અને કારોબારીના અન્ય સભ્યશ્રીઓની કામગીરી સારી જણાયેલ છે. મંડળી દિનપ્રતિદિન વિકાસોન્મુખ રીતે પ્રગતિ કરે અને તમામ સભાસદોને લાભ મળે તેવી શુભેચ્છા સહ....

**ઓડીટરશ્રીઓ :-**

(૧) **શ્રી જેઠાભાઈ નાથાભાઈ પટેલ**
માનદ્ ઓડિટરશ્રી, ડભોડા વિભાગ

(૨) **શ્રી રામપ્રસાદ વી. અગ્રાવત**
માનદ્ ઓડિટરશ્રી, રાંધેજા વિભાગ

(૩) **શ્રી રામાભાઈ લાલાભાઈ પટેલ**
માનદ્ ઓડિટરશ્રી, અડાલજ વિભાગ

તારીખ : ૧૧-૪-૨૦૧૧

## તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૩-૨૦૧૧ સુધીની નફા-નુકશાનનું પત્રક

| ઉપજ | રૂપિયા | ખર્ચ | રૂપિયા |
|---|---|---|---|
| શ્રી કરજ વ્યાજ ખાતે | ૧,૯૭,૪૦,૪૯૫ | શ્રી મંત્રી માનદ્ વેતન ખાતે | ૨,૩૬,૮૫૦ |
| શ્રી શેર ડુપ્લીકેટ ફી ખાતે | ૨,૦૯૧ | શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૭,૬૦૦ |
| ગાં.ત. પ્રા.શિ.પ્રા.મં. વ્યાજ ખાતે | - | શ્રી ભાડા ભથ્થા ખાતે | ૩૪,૫૮૦ |
| શ્રી સરદાર સરોવર શ્રી નિધિ વ્યાજ ખાતે | ૭,૨૦,૦૦૦ | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | ૨૩,૮૭૬ |
| શ્રી અમ.ડી.બેન્ક વ્યાજ ખાતે | ૨૪,૧૮૦ | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૫૭,૩૪૮ |
| શ્રી અમ.ડી. બેન્ક ખાતે ફીક્સ ડિપોઝીટ વ્યાજ | ૩,૨૧,૦૬૨ | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૧૮૫ |
| શ્રી જનરલ સભા | ૫,૦૨૫ | શ્રી ટેલીફોન ખર્ચ ખાતે | ૪,૦૬૨ |
| | | શ્રી વીજળી બીલ ખાતે | ૬,૪૫૧ |
| | | શ્રી થાપણ વ્યાજ ખાતે | ૧,૩૯,૨૮,૪૩૪ |
| | | શ્રી કરજ વ્યાજ ખાતે | ૩૮,૬૯,૦૯૭ |
| | | શ્રી સરભરા ખર્ચ ખાતે | ૪૪,૬૩૮ |
| | | શ્રી પેકેજ પોલીસી ખાતે | ૧,૩૬,૧૪૩ |
| | | શ્રી પેટ્રોલ એલાઉન્સ ખાતે | ૩૦,૦૦૦ |
| | | શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૧,૩૮,૩૪૨ |
| | | શ્રી ચેકબુક ખાતે | ૪,૭૫૦ |
| | | શ્રી કેશ ક્રેડીટ વ્યાજ ખાતે | ૨,૨૨,૫૨૨ |
| | | શ્રી લવાજમ ખાતે | ૧,૦૨૦ |
| | | શ્રી એ.ડી. બેંક નોમી. સભા. ફી ખાતે | ૪૨૫ |
| | | શ્રી ઓડીટ ફી | ૩,૦૦૦ |
| | | શ્રી અ.ડી. વહીવટ ચાર્જ | ૪૧ |
| | | કુલ | ૧,૮૭,૯૯,૩૬૪ |
| | | નફો | ૨૦,૧૩,૪૮૯ |
| એકંદરે કુલ. | ૨,૦૮,૧૨,૮૫૩ | એકંદરે કુલ... | ૨,૦૮,૧૨,૮૫૩ |

**જયશ્રીબેન ઉમિયાશંકર ભટ્ટ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**જયાબેન ભોગીલાલ મહેતા**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

મેળવજો નીતિથી, વાપરજો પ્રીતિથી, ભોગવજો રીતિથી, તો બચી જશો દુર્ગતિથી.

## • તા. ૩૧-૩-૨૦૧૧ ના રોજનું સરવૈયું •

| દેવું-મિલકત | રૂપિયા | પુંજી લેણું | રૂપિયા |
|---|---|---|---|
| શ્રી અમ.ડી.બેંક કે.કે. ખાતે | ૩૮,૯૦,૯૪૩ | શ્રી અમ.ડી.બેંક કે.કે. ખાતે | - |
| શ્રી થાપણ ખાતે | ૧૬,૭૩,૧૧,૬૫૦ | શ્રી કરજ ખાતે | ૨૧,૮૯,૭૬,૧૦૦ |
| શ્રી શેરભંડોળ ખાતે | ૨,૦૩,૨૨,૯૯૦ | શ્રી ડેડ સ્ટોક ખાત | ૨,૧૬,૪૫૫ |
| શ્રી ડેથ બેનીફીટ યોજના ખાતે | ૩,૨૦,૦૦૦ | શ્રી સ્ટેમ્પ ખાતે | ૨૧,૨૦૦ |
| શ્રી ડિવિ. ઈક્વિટી ફંડ ખાતે | ૬૯,૮૫૭ | શ્રી ડીપોઝીટ ખાતે | ૬,૧૬૦ |
| શ્રી નિવૃત્ત સહાયક ફંડ ખાતે | ૧,૬૨,૯૯૦ | શ્રી સરદાર સરોવર શ્રી નિધિ ખાતે | ૧,૦૦,૦૦,૦૦૦ |
| શ્રી શેર ડિવિડન્ડ ખાતે | ૩૯૮ | શ્રી અમ.ડી. બેંક શેર ફાળા ખાતે | ૨૦,૦૦,૦૦૦ |
| શ્રી વ્યાજ વળતર ખાતે | ૬,૩૧,૮૯૦ | શ્રી મકાન ફંડ ખાતે | ૧૦,૦૩,૧૧૯ |
| શ્રી ઘસારા ફંડ ખાતે | ૩૧,૪૦૭ | શ્રી ગાં. જિ. મધ્યસ્થ બેંક ખાતે | ૨,૫૦૦ |
| શ્રી ધર્માદા ફંડ ખાતે | ૧૫,૦૦૦ | શ્રી ગાં.તા.પ્રા.શિ.ગ્રાહક મંડળી ખાતે | ૮૯,૦૯૫ |
| શ્રી સહકાર ફંડ ખાતે | ૧૮,૩૫૫ | શ્રી અમ.ડી. બેંક સેવિંગ ખાતે | ૩,૯૬૦ |
| શ્રી બિલ્ડીંગ ફંડ ખાતે | ૧,૬૪,૮૨૧ | | |
| શ્રી રીઝર્વ ફંડ ખાતે | ૮૧,૫૨,૭૨૨ | | |
| શ્રી વિદ્યા. બોન્ડ ફંડ ખાતે | ૩૩,૯૦૦ | | |
| શ્રી ચૂંટણી ફંડ બચત ખાતે | ૨,૦૦૦ | | |
| શ્રી ફરજીયાત બચત યોજના ખાતે | ૨,૬૨,૬૦,૮૦૦ | | |
| શ્રી ફરજીયાત બચત વ્યાજ ખાતે | ૨૯,૦૭,૩૯૩ | | |
| શ્રી શકમંદ લ્હેણા ખાતે | ૧૦,૦૦૦ | બંધ થતી સિલક | ૫,૨૧૫૧ |
| શ્રી વિ.પ્રો. ફંડ ખાતે | ૫૦,૧૩૫ | કુલ | |
| નફો | ૨૦,૧૩,૪૮૯ | ખોટ | |
| કુલ | ૨૩,૨૩,૭૦,૭૪૦ | કુલ | ૨૩,૨૩,૭૦,૭૪૦ |

**જયશ્રીબેન ઉમિયાશંકર ભટ્ટ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**જયાબેન ભોગીલાલ મહેતા**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

સત્કર્મ સ્વભાવ બને એજ સાચો કર્મયોગી.

## • નિવૃત્તિ ફાળો ચૂકવ્યાની યાદી •

### તા. ૩૧-૫-૨૦૧૦ તથા ૩૧-૧૦-૨૦૧૧ ના રોજ નિવૃત્ત થયેલા

| અ.નં. | સભાસદ શિક્ષકનું નામ | શાળા | ઠરાવ નં./તારીખ | ચૂકવ્યા તારીખ | રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રવિણભાઈ રમણલાલ પટેલ | વડોદરા લાટ | ઠરાવ નં.૧૪/૧૭-૭-૧૦ | ૭-૮-૧૦ | ૧૧,૦૦૦/- |
| ૨ | ભારતીબેન સતીષકુમાર આચાર્ય | બગલાવાડી | ઠરાવ નં.૧૪/૧૭-૭-૧૦ | ૧૬-૮-૧૦ | ૧૧,૦૦૦/- |
| ૩ | બાબુભાઈ શંકરલાલ જોષી | ધણપ | ઠરાવ નં.૧૪/૧૭-૭-૧૦ | ૨૫-૮-૧૦ | ૧૧,૦૦૦/- |
| ૪ | કપિલાબેન સોમનાથ રાવલ | લેકાવાડા | ઠરાવ નં.૧૪/૧૭-૭-૧૦ | ૨૦-૯-૧૦ | ૧૧,૦૦૦/- |
| ૫ | વીણાબેન મણીલાલ પટેલ | બુટાકિયા | ઠરાવ નં.૪/૧૩-૧૨-૧૦ | ૨૨-૧૨-૧૦ | ૧૧,૦૦૦/- |
| ૬ | તરૂલત્તાબેન લલ્લુભાઈ કનાડા | રૂપાલ | ઠરાવ નં.૪/૧૩-૧૨-૧૦ | ૨૨-૧૨-૧૦ | ૧૧,૦૦૦/- |
| ૭ | વિજયાબેન શીવરામ પટેલ | સરઢવ | ઠરાવ નં.૪/૧૩-૧૨-૧૦ | ૨૪-૧૨-૧૦ | ૧૧,૦૦૦/- |
| ૮ | હીરાબેન ઝીણાભાઈ સોલંકી | મોટેરા | ઠરાવ નં.૪/૧૩-૧૨-૧૦ | ૧૧-૧-૧૧ | ૧૧,૦૦૦/- |
| ૯ | હીરાબેન અર્જુનભાઈ સોંદરવા | વાવોલ | ઠરાવ નં.૪/૧૩-૧૨-૧૦ | ૧૧-૧-૧૧ | ૧૧,૦૦૦/- |
| ૧૦ | શંકરભાઈ કાશીરામ પટેલ | શેરથા | ઠરાવ નં.૪/૧૩-૧૨-૧૦ | ૧૭-૨-૧૧ | ૧૧,૦૦૦/- |
| ૧૧ | જયંતિભાઈ હીરાભાઈ પટેલ | ચિલોડા મોટા | ઠરાવ નં.૪/૧૩-૧૨-૧૦ | ૧૧-૩-૧૧ | ૧૧,૦૦૦/- |
| ૧૨ | કુંવરબેન રામજીભાઈ પરમાર | વાવોલ | ઠરાવ નં.૪/૧૩-૧૨-૧૦ | ૧૭-૧-૧૧ | ૧૧,૦૦૦/- |
| | | | | કુલ... | ૧,૩૨,૦૦૦ |

**જયશ્રીબેન ઉમિયાશંકર ભટ્ટ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**જયાબેન ભોગીલાલ મહેતા**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

ખોટાનો વિરોધ જરૂર કરો, પણ વૈરભાવ વિના કરો.

## ડેથ ફાળાની વિગત : ૨૦૧૦-૨૦૧૧

| અ.નં. | સભાસદ શિક્ષકનું નામ | શાળા | ઠરાવ નં. | ચૂકવ્યા તારીખ | રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | સીતાબેન છગનભાઈ પરમાર<br>વારસદાર : જયંતકુમાર હાલજીભાઈ રોહીત | મોટેરા પ્રા. શાળા | ઠરાવ નં.૯<br>તા.૭-૮-૧૦ | ૧૩-૦૮-૨૦૧૦ | ૯૦,૦૦૦ |
| ૨ | જયેશકુમાર રમેશભાઈ પટેલ<br>વારસદાર : અલ્પાબેન કુબેરભાઈ પટેલ | પ્રાંતિયા શાળા | ઠરાવ નં.૧૦<br>તા. ૧-૧૧-૧૦ | ૧૨-૧૧-૧૦ | ૯૦,૦૦૦ |
| ૩ | નટવરલાલ લવજીભાઈ ચૌધરી<br>વારસદાર : મેનાબેન લવજીભાઈ ચૌધરી | જૂના પીંપળજ | ઠરાવ નં.૯<br>તા. ૫-૨-૧૧ | ૨૦-૧-૧૦ | ૯૦,૦૦૦ |
| | | | | કુલ ... | ૨,૭૦,૦૦૦ |

## વ્યાજના દર

| | | |
|---|---|---|
| થાપણ | ૧ વર્ષની મુદત માટે ૯ % | નોંધ : પાકતી તારીખ પહેલાં થાપણ વટાવવામાં આવશે તો ૩.૬૦% પ્રમાણે વ્યાજ આપવામાં આવશે. |
| કરજ લોન | ૯.૬૦ % | |
| ફરજીયાત બચત | ૧૧ % | વાર્ષિક નફાને આધીન વ્યાજનો દર કારોબારીની ભલામણથી નક્કી કરવામાં આવશે. |

**જયશ્રીબેન ઉમિયાશંકર ભટ્ટ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**જયાબેન ભોગીલાલ મહેતા**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

આફતના મોટા લાગતા પહાડો બરફના બનેલા હોય છે, પરિશ્રમ તેને પિગળાવી દે છે.

## • નિવૃત્ત સન્માન શિક્ષકોની યાદી •

| ક્રમ | શિક્ષકશ્રીનું નામ | ગામ | તારીખ | વય નિવૃત્તિ |
|---|---|---|---|---|
| ૧ | કપીલાબેન સોમનાથ રાવલ | લેકાવાડા | ૩૧-૫-૧૦ | વય નિવૃત્તિ |
| ૨ | ચેલાભાઈ જશકરણભાઈ પટેલ | ગિયોડ | ૩૧-૫-૧૦ | વય નિવૃત્તિ |
| ૩ | પ્રવિણભાઈ રમણલાલ પટેલ | વડોદરા લાટ | ૩૧-૫-૧૦ | વય નિવૃત્તિ |
| ૪ | બાબુભાઈ શંકરભાઈ જોષી | ધણપ | ૩૧-૫-૧૦ | વય નિવૃત્તિ |
| ૫ | ભારતીબેન સતીષકુમાર આચાર્ય | બગલાવાડી | ૩૧-૫-૧૦ | વય નિવૃત્તિ |
| ૬ | તારાબેન હરગોવિંદદાસ પરમાર | કોલવડા | ૩૦-૯-૧૦ | સ્વૈ. નિવૃત્તિ |
| ૭ | કાન્તાબેન કાનજીભાઈ ચૌધરી | વાવોલ | ૩૧-૭-૧૦ | સ્વૈ. નિવૃત્તિ |
| ૮ | મધુબેન મણીલાલ દવે | પેથાપુર | ૨-૮-૧૦ | સ્વૈ. નિવૃત્તિ |
| ૯ | સુમિત્રાબેન જયંતિલાલ સુથાર | પેથાપુર | ૧૫-૯-૧૦ | સ્વૈ. નિવૃત્તિ |
| ૧૦ | ભગવતીબેન ભગવાનદાસ પટેલ | સોનીપુર | ૩૦-૯-૧૦ | સ્વૈ. નિવૃત્તિ |
| ૧૧ | શંકરભાઈ કાશીરામ પટેલ | શેરથા | ૩૧-૧૦-૧૦ | વય નિવૃત્તિ |
| ૧૨ | તરૂલતાબેન લલ્લુભાઈ કનાડા | રૂપાલ | ૩૦-૬-૧૦ | વય નિવૃત્તિ |
| ૧૩ | વિજયાબેન શીવરામ પટેલ | સરઢવ | ૩૦-૬-૧૦ | વય નિવૃત્તિ |
| ૧૪ | વીણાબેન મણીલાલ પટેલ | બુટાકિયા | ૩૦-૬-૧૦ | વય નિવૃત્તિ |
| ૧૫ | કુંવરબેન રામજીભાઈ પરમાર | વાવોલ | ૩૦-૧૧-૧૦ | સ્વૈ. નિવૃત્તિ |
| ૧૬ | હીરાબેન ઝીણાભાઈ સોલંકી | વાવોલ | ૩૦-૬-૧૦ | વય નિવૃત્તિ |
| ૧૭ | હીરાબેન અર્જુનભાઈ સેંધારવા | વાવોલ | ૧૫-૧૨-૧૦ | સ્વૈ. નિવૃત્તિ |
| ૧૮ | જયંતિભાઈ હીરાભાઈ પટેલ | ચિલોડા મોટા | ૩૦-૬-૧૦ | વય નિવૃત્તિ |
| ૧૯ | મંદાકિનીબેન ગણપતભાઈ ભાવસાર | ડભોડા | ૩૦-૩-૧૧ | વય નિવૃત્તિ |
| ૨૦ | રાધાગૌરીબેન બાબુલાલ પટેલ | ચાંદખેડા | ૩૦-૬-૧૦ | વય નિવૃત્તિ |
| ૨૧ | હીરાભાઈ ગણેશભાઈ ઝાલા | પ્રાંતિયા | ૩૦-૬-૧૦ | વય નિવૃત્તિ |

મન શાંત રહે તો કંઈ વાંધો નહિ, જીભ શાંત રહે એટલે બસ.

## • સભ્યશ્રીઓને સૂચના •

(૧) આપની બીજી શાળામાં બદલી થાય તો મંડળીના કાર્યાલયે લેખિત અથવા ટેલીફોન પર જાણ કરવી.

(૨) મંડળીમાં નાણાંની લેવડ-દેવડ માટે આપશ્રીએ જાતે આવવું.

(૩) પાકતી તારીખે થાપણ અવશ્ય રીન્યુ કરાવવી. થાપણદારે થાપણની લેવડ-દેવડ માટે જાતે આવવું. પાકતી તારીખ બાદ થાપણ પર વ્યાજ મળશે નહી. આપના હિસાબમાં લખેલ થાપણ, શેરભંડોળ, બાકી કરજ, ફરજીયાત બચત વગેરે તપાસી લો. તેમાં ભૂલ-તફાવત જણાય તો મંડળીના કાર્યાલય પર આવી હિસાબ તપાસી લેવો.

(૪) કરજ અરજીઓમાં સંપૂર્ણ માહિતી ભરીને મોકલી આપવી. અધુરી વિગતવાળી કરજ અરજીઓ મંજૂર કરવામાં આવશે નહિ. કારોબારી સભા મળે તે પહેલાં કરજ અરજી મોકલી આપવી.

(૫) પગાર કેન્દ્રના આચાર્યશ્રીનું કબૂલાતનામું અવશ્ય સાથે લાવવું.

(૬) કરજ અરજીઓમાં જામીનદારોની સહીઓ તેમજ કરજ ઉપાડનાર શિક્ષકે આચાર્યશ્રીની રૂબરૂમાં આખી સહી કરવી.

(૭) કરજ અરજીઓમાં કોઈપણ સંજોગોમાં બે કરતાં વધુ કરજદારના જામીન થવું નહીં. તેમાં તમારૂ શ્રેય છે.

(૮) કારોબારી સભા પ્રત્યેક માસના પ્રથમ શનિવારે મળે છે. કારોબારી સભા મળ્યા બાદ આવેલ અરજીઓ મંજૂર કરવામાં આવશે નહિ.

(૯) નાણાંની લેવડ-દેવડ માટે બેંકના સમયને ધ્યાને લઈ

| | |
|---|---|
| સોમવાર થી શુક્રવાર | સવારે ૯-૪૫ થી ૨-૦૦ સુધી |
| શનિવાર | સવારે ૯-૪૫ થી ૧૧-૩૦ સુધી કરવામાં આવશે. |

(૧૦) તમારા શેર સર્ટિફિકેટ તથા થાપણ રસીદ સાચવીને રાખવા.

(૧૧) કરજ લોન જે તે કરજદારના બેંક ખાતામાં જમા થાય તે રીતે A/C Pay ચેક દ્વારા આપવામાં આવશે.

(૧૨) નિવૃત્ત થનાર શિક્ષકોને મંડળીમાં લોન/કરજ ભરપાઈ કર્યા બાદ જ એન.ઓ.સી. આપવામાં ાવશે.

(૧૩) તમે જમા કરાવેલ નાણાંની પહોંચ તરત જ મેળવી લેવાનો આગ્રહ રાખો.

(૧૪) થાપણ રસીદ જ્યારે વટાવવાની થાય ત્યારે થાપણ રસીદની પાછળ વચ્ચે રેવન્યુ ટીકીટ ચોટાડી જે વ્યક્તિના નામની રસીદ હોય તેમણે જાતે જ સહી કરવાની રહેશે. અધુરી સહી કે અંગ્રેજીમાં સહી ચાલશે નહિ.

**(૧૫) સભાસદનાં બાળકો એસ.એસ.સી./એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ) ડીગ્રી કોર્સની પરીક્ષા પાસ કરી હોય અને ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેમણે પ્રોત્સાહક ઈનામ મેળવવા માટે ગુણપત્રકની પ્રમાણિત ઝેરોક્ષ નકલ તથા અરજી ૨૦ જૂન ૨૦૧૧ સુધી મોકલી આપવી.**

(૧૬) એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૬૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેમણે પ્રમાણિત ઝેરોક્ષ નકલ આપવા વિનંતી.

(૧૭) આપના સૂચનો તા.૨૦/૬/૧૧ સંધીમાં લેખિતમાં મોકલી આપશો. નિયત તારીખ પછી આવેલ સૂચનો ધ્યાને લેવાશે નહિ.

**(૧૮) જનરલ સભામાં હાજર રહેનારને જ ભાડું ચુકવવામાં આવશે. તેમજ એક સભાસદને એક જ પાસનું ભાડુ ચુકવવામાં આવશે. પાસ સાચવી રાખવો ફરજિયાત છે. પાસ પરત કરશો તો જ ભાડું ચુકવાશે.**

(૧૯) કાર્યાલય - રવિવાર તથા બેંકીગ રજા તેમજ જાહેર તહેવારની રજા હોય ત્યારે બંધ રહેશે.

પરસેવાની કમાણીથી જે પર સેવા કરે તે માણસ મહાન છે.

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી., ગાંધીનગર.

## • પંચવર્ષીય પ્રગતિના આંકડા •

| ક્રમ | વિગત | ૩૧-૩-૨૦૦૭ | ૩૧-૩-૨૦૦૮ | ૩૧-૩-૨૦૦૯ | ૩૧-૩-૨૦૧૦ | ૩૧-૩-૨૦૧૧ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઓડીટ વર્ગ | અ | અ | અ | અ | ઓડિટ બાકી |
| ૨ | સભાસદ સંખ્યા | ૧૦૫૨ | ૧૦૭૭ | ૧૦૮૯ | ૧,૦૯૯ | ૧,૧૧૫ |
| ૩ | શેરભંડોળ | ૧,૫૧,૦૦,૫૩૦ | ૧,૭૦,૦૯,૧૦૦ | ૧,૭૪,૧૨,૯૩૦ | ૧,૮૮,૩૪,૨૫૦ | ૨,૦૩,૨૨,૯૯૦ |
| ૪ | કરજ ધીરાણ | ૧૧,૪૦,૩૩,૫૦૦ | ૧૫,૪૭,૭૨,૧૦૦ | ૧૧,૫૪,૪૪,૦૦૦ | ૨૦,૬૯,૫૭,૦૦૦ | ૨૩,૨૫,૩૩,૦૦૦ |
| ૫ | કરજ વસુલ | ૧૦,૬૮,૨૫,૫૦૦ | ૧૧,૪૯,૦૮,૫૦૦ | ૧૧,૬૫,૯૭,૦૦૦ | ૧૭,૪૫,૩૬,૫૦૦ | ૧૯,૯૫,૯૬,૫૦૦ |
| ૬ | કરજ બાકી | ૧૨,૩૫,૨૦,૬૦૦ | ૧૫,૪૭,૭૨,૧૦૦ | ૧૫,૩૬,૧૯,૧૦૦ | ૧૮,૬૦,૩૯,૬૦૦ | ૨૧,૮૯,૭૬,૧૦૦ |
| ૭ | રીઝર્વ ફંડ | ૬૪,૦૮,૩૨૨ | ૬૭,૩૧,૬૯૯ | ૭૦,૨૧,૩૬૪ | ૭૫,૮૩,૮૬૪ | ૮૧,૫૨,૭૨૨ |
| ૮ | થાપણ | ૧૧,૩૬,૫૩,૩૫૦ | ૧૧,૩૨,૦૭,૭૫૦ | ૧૩,૦૯,૯૯,૯૫૦ | ૧૫,૫૯,૪૨,૪૫૦ | ૧૬,૭૩,૧૧,૬૫૦ |
| ૯ | વહીવટી ખર્ચ | ૫,૩૫,૬૮૦ | ૪,૯૮,૫૨૬ | ૪,૮૮,૪૭૦ | ૫,૩૧,૨૫૬ | ૬,૨૩,૨૩૪ |
| ૧૦ | નફો | ૧૨,૮૫,૬૬૭ | ૧૧,૫૩,૬૫૯ | ૨૨,૦૦,૦૦૦ | ૨૧,૨૯,૭૭૮ | ૨૦,૧૩,૪૮૯ |
| ૧૧ | શેર ડિવિડન્ડ | ૯,૦૬,૦૩૨ | ૮,૩૬,૧૫૯ | ૧૫,૬૭,૧૬૪ | ૧૫,૦૬,૭૪૦ | ૧૪,૨૨,૬૦૯ |
| ૧૨ | બેંક કરજ/જમા | ૨૦,૪૮,૬૧૪ | ૧,૨૯,૦૦,૩૪૩ | ૧૨,૬૬,૧૧૬ | ૧૫,૪૪,૩૫૪ | -૩૮,૯૦,૯૪૩ |
| ૧૩ | લેવડ-દેવડ | ૪૦,૪૦,૩૫,૩૯૩ | ૪૨,૬૫,૧૩,૪૬૪ | ૪૪,૦૯,૮૪,૬૬૭ | ૫૯,૨૧,૯૪,૪૦૨ | ૬૫,૯૦,૯૦,૭૪૦ |
| ૧૪ | વ્યાજ વળતર | ૩,૫૩,૧૦૦ (૩%) | ૬,૯૬,૮૨૧ (૫%) | ૯,૭૨,૨૨૪(૬%) | ૮,૨૭,૭૫૧(૪.૫%) | ૬,૩૧,૮૯૦ (૩%) |
| ૧૫ | ફરજીયાત બચત | ૯૯,૬૭,૦૦૦ | ૧,૨૯,૫૧,૩૦૦ | ૧,૬૦,૨૧,૨૦૦ | ૨,૦૭,૩૧,૯૦૦ | ૨,૬૨,૬૦,૮૦૦ |
| ૧૬ | શેર દીઠ વ્યાજ | ૦.૬૦ | ૦.૬૦ | ૦.૯૦ | ૦.૮૦ | ૦.૭૦ |
| ૧૭ | ફરજીયાત બચત | ૧.૮૦ | ૧.૪૦ | ૧.૫૦ | ૧.૩૦ | ૧.૧૦ |

**જયાબેન ભોગીલાલ મહેતા**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**જયશ્રીબેન ઉમિયાશંકર ભટ્ટ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## કર્મયોગી
## આંતરિક ઓડીટરશ્રી



જેઠાભાઈ ના. પટેલ
ડભોડા વિભાગ



શ્રી રામાભાઈ એલ. પટેલ
અડાલજ વિભાગ



શ્રી રામપ્રસાદ અગ્રાવત
રાંધેજા વિભાગ


## કર્મયોગી
## કાર્યાલય મંત્રીશ્રી



શ્રી નટવરલાલ મં. કાપડિયા
કાર્યાલય મંત્રીશ્રી
ડભોડા વિભાગ



શ્રી બેચરભાઈ મ. પટેલ
કાર્યાલય મંત્રીશ્રી
અડાલજ વિભાગ



શ્રી જ્યંતિલાલ પુ. બ્રહ્મભટ્ટ
કાર્યાલય મંત્રીશ્રી
રાંધેજા વિભાગ



શ્રી જીતેન્દ્રકુમાર જી. દેસાઈ
કૉમ્પ્યુટર ઓપરેટર



શ્રી પ્રમોદભાઈ મ. શુક્લ
સેવક